# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/114 Dt. 28/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન મેનેજમેન્ટ એન્ડ પોલિસી ઇમ્પ્લીમેન્ટેશન' વિષે જીપીસીબી અને સીજીડબ્લ્યુબીના અધિકારીઓ સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયું

### અધિકારીઓએ રેન વોટર હાર્વેસ્ટિંગ અને વોટર રિસાયક્લિંગ ટેકનોલોજી વિષે માહિતી આપી ઉદ્યોગોને ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન માટે માર્ગદર્શિકા અનુસાર જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન મેનેજમેન્ટ એન્ડ પોલિસી ઇમ્પ્લીમેન્ટેશન' વિષે ઇન્ટરેકટીવ સેશન યોજાયું હતું, જેમાં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ ગુજરાતના સાયન્ટીસ્ટ ડી શ્રી બિસ્વરૂપ મોહાપાત્રા, આસિસ્ટન્ટ હાઇડ્રોજીઓલોજિસ્ટ શ્રી સદ્દામ હુસેન, જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલ અને જીપીસીબી અંકલેશ્વરના રિજીયોનલ ઓફિસર શ્રીમતી જીજ્ઞાબેન ઓઝાએ ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રેલ વખતે તાપી નદીમાંથી સુરતને ૭૦ વર્ષ ચાલી શકે એટલું પાણી સમુદ્રમાં વહી જાય છે, આથી સરકારી વિભાગો તેમજ સામાજિક સંસ્થાઓએ વરસાદી પાણીને બચાવવા માટે સાથે મળીને પ્રયાસ કરવા પડશે તેમ જણાવ્યું હતું.

શ્રી બિસ્વરૂપ મોહાપાત્રાએ સુરતના ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, ભૂગર્ભ જળનો વધતો ઉપયોગ, વરસાદના પાણીનું યોગ્ય સંચાલન ન થવું તેમજ ઉદ્યોગ પ્રક્રિયાઓના કારણે પાણીના સ્તર પર ભારે અસર થઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઉદ્યોગોને રેન વોટર હાર્વેસ્ટિંગ અને વોટર રિસાયકિલંગ ટેકનોલોજી અપનાવવાની ખાસ જરૂર છે. તેમણે કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા વિવિધ નિયમો તથા પોલિસી ઇમ્પ્લીમેન્ટેશનની વિગતો આપી હતી. તેમણે ખાસ નોંધ્યું હતું કે ઉદ્યોગોને ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન માટે નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર જરૂરી પગલાં લેવા ફરજિયાત છે.

જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલે પર્યાવરણ અને પાણી સંબંધિત નિયમો વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એમીશન ટ્રેડીગ સ્કીમે સુરતને ઘણી નામના અપાવી છે. હવે એફલુઅન્ટ ટ્રેડીગ સ્કીમ પણ શરૂ થવા જઇ રહી છે. આ સ્કીમનો આશય એફલુઅન્ટની કવોલિટી અને કવોન્ટીટી પર કન્ટ્રોલ લાવવાનો છે. આ સ્કીમના માધ્યમથી વોટર કન્ઝમ્પ્શનને ઘટાડી શકાય છે. આ સ્કીમ પાણી બચાવવા માટે સફળતા અપાવશે તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

જીપીસીબી અંકલેશ્વરના રિજીયોનલ ઓફિસર શ્રીમતી જીજ્ઞાબેન ઓઝાએ જણાવ્યું હતું કે, સચિન અને પાંડેસરાના ઉદ્યોગો ૧૧૫ એમએલડી પાણી ટ્રિટેડ સુએઝ વાપરે છે. હવે સમય આવી ગયો છે કે ભુગર્ભ જળને બચાવવું પડશે. દરેક વિસ્તારમાં સુએઝ છે ત્યારે તેનું પાણી વહી જવાને બદલે તેનો પુનઃ ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ તેના વિષે વિચારવું જોઇએ. વધુમાં તેમણે ગ્રાઉન્ડ વોટરની ઉપલબ્ધતા અને ભવિષ્યની જરૂરિયાત અંગે વિગતવાર માહિતી આપી હતી.

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ ગુજરાતના આસિસ્ટન્ટ હાઇડ્રોજીઓલોજિસ્ટ શ્રી સદ્દામ હુસેને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી તથા તેના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે પ્રેઝન્ટેશન થકી ઇન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ્સ, કોમ્પ્લાયન્સીસ અને પેનલ્ટી પ્રોસેસ વિષે પણ ઉદ્યોગ સાહસિકોને સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી તથા ઓફિસ બેરર્સે જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર તરીકે શ્રીમતી જીજ્ઞાબેન ઓઝાની કામગીરીને બિરદાવી હતી અને સેશન દરમ્યાન તેઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા તથા વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોના હોદ્દેદારો તેમજ ઉદ્યોગ સાહસિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની એન્વાયરમેન્ટ, પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી કુન્હાલ શાહે ઇન્ટરેકટીવ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇએ વકતાઓનો પરિચય આપ્યો હતો. અધિકારીઓએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોની વિવિધ મુંઝવણોને દૂર કરી હતી અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.